Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT,
ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ નોમ શનિવાર ૨૫ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૫

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

## 'આપ'માં મોટું ભંગાણ

» રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ અને સંદીપ પાઠક વિધિવત રીતે ભાજપમાં જોડાયા
» હરભજન, માલીવાલ સહિત અન્ય ચાર સાંસદો પણ ભાજપમાં જોડાશે
» બે તૃતિયાંશ સાંસદો થઇ જતા હોવાથી પક્ષાંતર ધારો લાગુ નહીં પડે

# રાઘવ ચઢ્ઢા સહિત 7 સાંસદોએ પક્ષ છોડ્યો

### પંજાબમાં આપનું ગણિત બદલાઇ ગયું

ચંદીગઢ, તા. ૨૪: નવી દિલ્હીમાં શુક્રવારે બપોરે જ્યારે રાઘવ ચઢ્ઢા કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયાની બહાર નીકળ્યા – અને પાંચ કિલોમીટર દૂર સ્થિત ભાજપ કાર્યાલયમાં પ્રવેશ્યા – ત્યાં સુધીમાં આમ આદમી પાર્ટી (AAP) માટે ગણિત બદલાઈ ગયું હતું, ખાસ કરીને પંજાબમાં, જ્યાં તેની સરકાર છે અને એક વર્ષથી ઓછા સમયમાં ચૂંટણીઓ યોજાવાની છે. રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાનું શુક્રવારે નવી દિલ્હીમાં પાર્ટી મુખ્યાલય ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન દ્વારા મીઠાઈ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. પંજાબના વતની અને ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુઘે લાડુનું બોક્સ પકડ્યું હતું. ચઢ્ઢાની સાથે સંદીપ પાઠક અને અશોક મિત્તલ પણ હતા, જેઓ પણ ભાજપમાં જોડાયા હતા. AAP પ્રમુખ અરવિંદ કેજરીવાલની પ્રતિક્રિયામાં પણ પંજાબનો ઉલ્લેખ હતો અને તેમણે ચઢ્ઢા કે ભાજપમાં જોડાયેલા અન્ય છ સભ્યો વિશે ખાસ કંઈ કહ્યું નહોતું. સ્પષ્ટ છે કે, દિલ્હીમાં જે થાય છે તે માત્ર દિલ્હી પૂરતું મર્યાદિત રહેતું નથી. AAPના 10

...અનુસંધાન પાના 5 પર

### રાઘવ ચઢ્ઢાના સ્થાને મૂકાયેલા અશોક મિત્તલ પણ ભાજપમાં જતા રહ્યા !

અશોક મિત્તલ, જેઓને રાજ્યસભામાં રાઘવ ચઢ્ઢાના સ્થાને પક્ષના વડાપદે આવ્યા હતા, તેઓ પણ ભાજપમાં ભળી ગયા છે, જે અરવિંદ કેજરીવાલના પક્ષ માટે એક મોટો ફટકો માનવામાં આવે છે. રાઘવ ચઢ્ઢાને જ્યારે રાજ્યસભામાં પક્ષના વડાના પદેથી દૂર કરાયા ત્યારે અશોક મિત્તલને તેમને સ્થાને મૂકાયા હતા.

### અશોક મિત્તલને ત્યાં 15મીએ ઈડીએ દરોડા પાડ્યા હતા

પક્ષના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) જેવી કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહીના ડરે પંજાબના ઉદ્યોગપતિ એવા કેટલાક સાંસદોના નિર્ણયને પ્રભાવિત કરવામાં ભૂમિકા ભજવી હોઈ શકે છે, જ્યારે અન્ય કેટલાક સાંસદો પક્ષમાં તેમની ઘટતી જતી રાજકીય ભૂમિકાથી નારાજ

...અનુસંધાન પાના 5 પર

### રાજ્યસભામાં હવે આપના માત્ર ત્રણ સાંસદો

AAPના 10 માંથી 7 સાંસદો ભાજપમાં જોડાતા હવે રાજ્યસભામાં સંજય સિંહ સહિત માત્ર ત્રણ જ સાંસદો બાકી રહેશે. સાંસદોની સંખ્યા બે તૃતીયાંશથી વધુ હોવાથી તેમના પર પક્ષપલટા વિરોધી કાયદો લાગુ થવાની શક્યતા નથી.

નવી દિલ્હી, તા. 24 : રાજ્યસભાના સાંસદો રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ અને સંદીપ પાઠક, જેમણે આમ આદમી પાર્ટી (આપ) માંથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી, તેઓ શુક્રવારે દિલ્હીમાં પાર્ટીના વડા નિતિન નબીનની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. પક્ષના અન્ય ચાર સાંસદો - ભૂતપૂર્વ ક્રિકેટર હરભજન સિંહ, સ્વાતિ માલીવાલ, રાજીન્દર ગુપ્તા અને વિક્રમ સાહની પણ ટૂંક સમયમાં ભાજપમાં જોડાશે એમ જણાવાયું હતું. ચઢ્ઢાએ જણાવ્યું હતું કે તેઓ સાત જણા ભાજપ સાથે સંકળાઈ ગયા છે. ચઢ્ઢા, મિત્તલ અને પાઠકનું પુષ્પગુચ્છ આપીને ભાજપમાં સ્વાગત કરાયું હતું. તેઓ ભાજપમાં જોડાયા હોવાની વિધિવત જાહેરાત કરવાની સાથે મીઠાઈ વહેંચવામાં આવી હતી. આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે થોડા અઠવાડિયા પહેલા જ ચઢ્ઢાને રાજ્યસભામાં આપના ડેપ્યુટી લીડર પદેથી હટાવીને તેમના સ્થાને મિત્તલને મુકવામાં આવ્યા હતા. ત્યારબાદ મિત્તલે પણ ચઢ્ઢા અને પાઠક સાથે ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. પત્રકારો સાથે વાત કરતા ચઢ્ઢાએ જણાવ્યું કે, બંધારણ મુજબ જો કોઈ પક્ષના બે તૃતીયાંશ સાંસદો બીજા પક્ષમાં જોડાય તો તે કાયદેસર છે. અમે આ અંગે રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનને જરૂરી દસ્તાવેજો સાથે પત્ર સુપરત કર્યો છે. પક્ષ છોડતી વખતે રાઘવ ચઢ્ઢાએ AAP પર આકરા પ્રહારો કરતા કહ્યું કે પાર્ટી તેના મૂળ આદર્શોથી ભટકી ગઈ છે. તેમણે કહ્યું કે, મને લાગ્યું કે હું

...અનુસંધાન પાના 5 પર



### માલીવાલ પર હુમલાથી માંડીને ચઢ્ઢાની પાંખો કાપવા સુધી

## આપમાંથી પલાયનના કારણો

**જો કે** સ્વાતી માલીવાલ અને રાઘવ ચઢ્ઢા સિવાયના સાંસદોએ ભાગ્યે જ પક્ષ વિરુદ્ધ જાહેરમાં નિવેદનો આપ્યા છે

**સામૂહિક** પલાયન માટે પક્ષના નેતાઓ ઓપરેશન લોટસને પણ જવાબદાર ઠેરવી રહ્યા છે

નવી દિલ્હી, તા. 24 (PTI): આમ આદમી પાર્ટીના રાજ્યસભા સભ્યો દ્વારા શુક્રવારે કરવામાં આવેલો સામુહિક બહિર્ગમન એ તે તિરાડનું પરિણામ હતું જે ૨૦૨૪માં ત્યારે પડી હતી જ્યારે રાજીનામું આપનારા સાત સભ્યોમાંના એક સ્વાતિ માલીવાલે તત્કાલીન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને શારીરિક હુમલો થયો હોવાનો આરોપ લગાવ્યો હતો. ૧૩ મે, ૨૦૨૪ના રોજ, તેમણે કેજરીવાલના એક નજીકના સહયોગી પર મુખ્યમંત્રીના નિવાસસ્થાને તેમને માર મારવાનો આરોપ લગાવ્યો હતો. આ વિવાદ ગયા મહિને ત્યારે નિશ્ચિતપણે અને ન સુધારી શકાય તેવી રીતે વકર્યો જ્યારે AAPએ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભામાં પાર્ટીના ડેપ્યુટી લીડરના પદ પરથી હટાવી દીધા. શુક્રવારે તેમના પક્ષ છોડતા પહેલા જ એવી ચર્ચાઓ વ્યાપક હતી કે પાર્ટીમાં તેમનો સાથ લાંબો સમય ટકશે નહીં. પાર્ટી અને રાજ્યસભામાં તેમના સાથીઓ અશોક મિત્તલ, હરભજન સિંહ, રાજીન્દર ગુપ્તા, વિક્રમ સાહની અને સંદીપ પાઠકે ભાગ્યે જ જાહેરમાં પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો, અને આ જ કારણે તેમના રાજીનામાએ આશ્ચર્ય પેદા કર્યું છે. અગાઉ દિવસમાં એક પ્રેસ કોન્ફરન્સમાં ચઢ્ઢાએ જાહેરાત કરી હતી કે સાતેય સભ્યો પક્ષ છોડી રહ્યા

...અનુસંધાન પાના 5 પર

### રાજ્યસભામાં એનડીએને મોટો ફાયદો

**નવી દિલ્હી.** શુક્રવારે આમ આદમી પાર્ટીના સાત સાંસદોના પક્ષ પલટાથી NDAને મોટું પ્રોત્સાહન મળ્યું છે, પરંતુ સત્તારૂઢ ગઠબંધન હજુ પણ રાજ્યસભામાં બે-તૃતીયાંશ બહુમતીથી ૧૮ સભ્યો દૂર છે અને ભાજપ ઉચ્ચ ગૃહમાં સાદી બહુમતી મેળવવાથી ૧૦ સાંસદોનો અભાવ ધરાવે છે. હવે રાજ્યસભામાં NDA પાસે ૧૪૫ સાંસદોનું સમર્થન છે. ૨૪૪ સભ્યોની કુલ સંખ્યા ધરાવતા આ ગૃહમાં બે-તૃતીયાંશ બહુમતીનો આંકડો ૧૬૩ છે. એકવાર NDA ઉચ્ચ ગૃહમાં બે-તૃતીયાંશ બહુમતી મેળવી લેશે, તો તેના માટે બંધારણીય સુધારાની જરૂર હોય તેવા મહત્વપૂર્ણ કાયદાઓ પસાર કરવા મુશ્કેલ નહીં હોય. NDA પાસે લોકસભામાં પણ બે-તૃતીયાંશ બહુમતી નથી, જો કે ત્યાં તે સાદી બહુમતી ધરાવે છે. લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતી માટે તેને ૩૬૩ સાંસદોના સમર્થનની જરૂર છે. રાજ્યસભાના અધ્યક્ષ સી. પી. રાધાકૃષ્ણન AAP સંસદીય પક્ષના ભાજપમાં વિલીનીકરણને મંજૂરી આપશે તે પછી સત્તારૂઢ પક્ષ પાસે કુલ ૧૧૩ સાંસદો હશે. અત્યારે ભાજપ પાસે ૧૦૬ સાંસદો છે. સત્તારૂઢ પક્ષને સાત નિયુક્ત

...અનુસંધાન પાના 5 પર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હુગલી નદીમાં નૌકા વિહાર કર્યો



**જાતે** કેટલીક તસવીરો ખેચી અને સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરી, હોડીવાળાઓ સાથે વાતચીત કરી

કોલકાતા, તા. 24 (PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે સવારે અહીં હુગલી નદીમાં નૌકાવિહાર કર્યો હતો અને જણાવ્યું હતું કે તેના પવિત્ર જળ સમગ્ર સભ્યતાની શાશ્વત ભાવનાને વહન કરે છે. મોદીએ એમ પણ ભારપૂર્વક કહ્યું હતું કે તેઓ પશ્ચિમ બંગાળના વિકાસ અને મહાન બંગાળી લોકોની સમૃદ્ધિ માટે કટિબદ્ધ છે. વડાપ્રધાને સોશિયલ મીડિયા

...અનુસંધાન પાના 5 પર

### હોડીવાળાને અચાનક જ વડાપ્રધાનને નૌકા સવારી કરાવવાનું કહેવાયું

ગૌરાંગ વિશ્વાસ તરીકે ઓળખાયેલા નાવિકે દાવો કર્યો હતો કે વડાપ્રધાનની સવારી અંગે અગાઉ કોઈએ તેમનો સંપર્ક કર્યો ન હતો. અચાનક, થોડા લોકો આવ્યા અને પૂછ્યું કે શું હું સવારી કરાવીશ? હું સંમત થયો. વડાપ્રધાને માત્ર મારું નામ પૂછ્યું, અને મેં જવાબ આપ્યો, વિશ્વાસે જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે જ્યારે વડાપ્રધાન અને ચાર-પાંચ સુરક્ષાકર્મીઓ ફોટા પાડી રહ્યા હતા, ત્યારે હું હોવરા બ્રિજ તરફ

...અનુસંધાન પાના 5 પર

## આરબીઆઈએ 'પેટીએમ પેમેન્ટ્સ બેંક'નું બેંકિંગ લાઈસન્સ રદ કર્યું

**પેટીએમ** પેમેન્ટ્સ બેંક હવે કોઈ પણ પ્રકારનું બેંકિંગ કામકાજ કરી શકશે નહીં; આરબીઆઈનો કડક આદેશ

મુંબઈ, તા. 24 (PTI): ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) એ શુક્રવારે પેટીએમ પેમેન્ટ્સ બેંકનું બેંકિંગ લાઈસન્સ તાત્કાલિક અસરથી રદ કરવાની જાહેરાત કરી છે.

આરબીઆઈએ જણાવ્યું હતું કે બેંકની કામગીરી નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહી હતી અને તે થાપણદારોના હિત માટે નુકસાનકારક રીતે ચલાવવામાં આવતી હતી. હવે કેન્દ્રીય બેંક આ બેંકને સમેટી લેવા માટે હાઈકોર્ટમાં અરજી કરશે.

આરબીઆઈના જણાવ્યા મુજબ, બેંક મેનેજમેન્ટનું સામાન્ય વલણ થાપણદારો અને જાહેર હિત માટે જોખમી હતું. બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ના ચોક્કસ ધોરણોનું પાલન ન થવાને કારણે, બેંકને ચાલુ રાખવા દેવાથી કોઈ જાહેર હિત જળવાય તેમ ન હતું. શુક્રવારે કામકાજના કલાકો પૂરા થયાની સાથે જ આ લાઈસન્સ રદ ગણાશે. જોકે, આરબીઆઈએ આશ્વાસન આપ્યું છે કે બેંક પાસે તેના તમામ થાપણદારોની જવાબદારી ચૂકવવા માટે પૂરતી લિક્વિડિટી (રોકડ) ઉપલબ્ધ છે.

વિજય શેખર શર્મા દ્વારા પ્રમોટ કરાયેલ આ ફિનટેક ફર્મ માર્ચ 2022થી જ નિયામકની તપાસ હેઠળ હતી, જ્યારે તેને નવા ગ્રાહકો ઉમેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ જાન્યુઆરી અને ફેબ્રુઆરી 2024માં પણ બેંક પર વ્યવસાયિક નિયંત્રણો લાદવામાં આવ્યા હતા, જેમાં ગ્રાહકોના ખાતા, પ્રીપેડ ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને વોલેટમાં વધુ ડિપોઝિટ કે ટોપ-અપ લેવા પર પ્રતિબંધ હતો. 23 મે, 2017ના રોજ

...અનુસંધાન પાના 5 પર

### ભાજપ બિનહરીફ જીતથી મજબૂત સ્થિતિમાં, હવે કાલે મતદાન પર સૌની નજર

## પ્રચાર બંધ, 26,196 ઉમેદવાર વચ્ચે જંગ

5.08 કરોડમાંથી ઘટીને આખરી મતદાર યાદીમાં 4.34 કરોડ થઈ છે

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો શિખરે પહોંચ્યો છે. તા. 26 એપ્રિલ, 2026ના રોજ યોજાનારી ચૂંટણી માટે આજે સાંજે 6 વાગ્યે પ્રચાર પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. હવે તમામ રાજકીય પક્ષો અંદરની ગોઠવણમાં વ્યસ્ત બન્યા છે અને મતદારોને રિઝવવા છેલ્લી ઘડીના પ્રયાસો તેજ બન્યા છે.

ચૂંટણી પહેલા જ ભાજપે બિનહરીફ જીતથી પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે. ભાજપના દાવા મુજબ કુલ 10,005 બેઠકોમાંથી 724 બેઠકો પર ભાજપ બિનહરીફ વિજય મેળવી ચૂક્યો છે. તાલુકા પંચાયતની 252 અને જિલ્લા પંચાયતની 52 બેઠકો પર મળેલું સમર્થન ભાજપને અન્ય પક્ષો સામે આગળ રાખે છે. નગરપાલિકાઓમાં 276 બેઠકો બિનહરીફ રહી છે, જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં એકપણ બેઠક બિનહરીફ ન રહેતા જોરદાર મુકાબલો નિશ્ચિત બન્યો છે.

મતદાન માટે રાજ્યભરમાં વિશાળ મતદારો તૈયાર છે. 15 મહાનગરપાલિકાઓમાં આશરે 1.10 કરોડ, 84 નગરપાલિકાઓમાં 33 લાખ અને જિલ્લા-તાલુકા પંચાયતોમાં 2.74 કરોડ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. 2021ની સરખામણીએ આ વખતે મતદાન ટકાવારીમાં વધારો થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.આ વધારા પાછળ SIR પ્રક્રિયા મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. રાજ્યમાં લગભગ 73.73 લાખ મતદારોના નામ દૂર થતા કુલ મતદારોની સંખ્યા 5.08 કરોડમાંથી ઘટીને આખરી મતદાર યાદીમાં 4.34 કરોડ થઈ છે, જેમાં વાંધા સૂચનો મેળવ્યા બાદ મતદારોની સંખ્યા વધીને આખરે 4.40 કરોડ થવા પામી છે. જેના કારણે મતદાનની ટકાવારી ઊંચી રહેવાની શક્યતા છે.2021માં

...અનુસંધાન પાના 5 પર

### રાજ્યમાં યોજાઇ રહેલી ચૂંટણી

| | |
|---|---|
| 12 | મહાનગરપાલિકા |
| 84 | નગરપાલિકા |
| 34 | જિલ્લા પંચાયત |
| 260 | તાલુકા પંચાયત |
| 11 | નગરપાલિકા |

### ઉમેદવારોની સ્થિતિ

- 1,536 ઉમેદવારોએ નામ પાછું ખેંચ્યું હતું
- 11,344 ફોર્મ રદ થયા હતા
- 313 ઉમેદવારો બિનહરીફ ચૂંટાઇ ચૂક્યા છે.
- ભાજપના 9,245 ઉમેદવાર મેદાનમાં
- કોંગ્રેસના 8,443 ઉમેદવાર મેદાનમાં
- આદમી પાર્ટીના 5,263 ઉમેદવારો મેદાનમાં
- 2,575 અપક્ષ ઉમેદવાર ચૂંટણ લડશે
- કુલ 26,196 ઉમેદવારો

## ઈરાનના વિદેશ મંત્રી પાકિસ્તાની મધ્યસ્થી ટીમ સાથે મંત્રણા કરશે

**અબ્બાસ** અરાઘચી શુક્રવારે રાત્રે પાકિસ્તાન રવાના, ઓમાન, રશિયા જવાની પણ યોજના

**આના** પછી રવિવારે અમેરિકા સાથે બીજા રાઉન્ડની મંત્રણા થાય તેવી શક્યતા

ઈસ્લામાબાદ, તા. 24 (PTI): સત્તાવાર સૂત્રો અને મીડિયા અહેવાલો અનુસાર, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીની આગેવાનીમાં એક પ્રતિનિધિમંડળ દ્વિપક્ષીય પરામર્શ કરવા, અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ અને પ્રદેશની વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા શુક્રવારે રાત્રે પાકિસ્તાન પહોંચશે. ઈરાનની સરકારી સમાચાર એજન્સી IRNA એ અહેવાલ આપ્યો છે કે, અરાઘચી શુક્રવારે પાકિસ્તાન, ઓમાન અને રશિયાના પ્રવાસે એક નાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે જેથી પ્રાદેશિક વિકાસ અને અમેરિકા-ઈરાન યુદ્ધની તાજેતરની સ્થિતિ પર ચર્ચા કરી શકાય. જો કે, આ મહિનાની શરૂઆતમાં પાકિસ્તાનમાં

...અનુસંધાન પાના 5 પર

### લેબેનોન અને ઇઝરાયેલ યુદ્ધ વિરામ એક સપ્તાહ લંબાવવા માટે સહમત

**વોશિંગ્ટન.** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ગુરુવારે વ્હાઇટ હાઉસમાં થયેલી વાટાઘાટો બાદ ઇઝરાયેલ અને હિઝબુલ્લાહ ઉગ્રવાદી જૂથ વચ્ચેના યુદ્ધવિરામને ત્રણ અઠવાડિયા સુધી લંબાવવા માટે ઇઝરાયેલ અને લેબનોન સહમત થયા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકામાં ઇઝરાયેલ અને લેબનોનના રાજદૂતો વચ્ચેની આ બેઠક, જે છેલ્લા એક સપ્તાહમાં

...અનુસંધાન પાના 5 પર

## આતંકી મસૂદના સ્વાસ્થ્ય પર સસ્પેન્સ

**ઓપરેશન** સિંદૂર' બાદ અઝહર માનસિક રીતે ભાંગી પડ્યો, મસૂદ માનસિક રીતે ભાંગી પડ્યો હોવાના અને ગંભીર બીમારીથી પીડાઈ રહ્યો હોવાના અહેવાલ

**મસૂદ** સાથે મુલાકાત થઈ રહી નથી જેના કારણે જૈશના કેડર્સમાં અસંતોષની લાગણી

નવી દિલ્હી, તા. 24: જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ)ના ચીફ મસૂદ અઝહરના ઠેકાણા અને તેના સ્વાસ્થ્યને લઈને સસ્પેન્સ સતત વધી રહ્યું છે. સંગઠનના કેડર જ હવે નેતૃત્વ સામે અઝહરની ગેરહાજરી અંગે સવાલો ઉઠાવી રહ્યા છે. જૈશની અંદર એવી ચર્ચાઓ ચાલી રહી છે કે તેમનો ચીફ મરણપથારીએ છે, જોકે નેતૃત્વ આ અફવાઓને નકારીને કેડરને શાંત રહેવા કહી રહ્યું છે.

ભારતીય એજન્સીઓના જણાવ્યા મુજબ, અઝહર મરણપથારીએ નથી, પરંતુ તેની તબિયત અત્યંત નાજુક છે. 'ઓપરેશન સિંદૂર' દરમિયાન તેના પરિવારના અનેક નજીકનાં સભ્યોના મોત બાદ તે માનસિક રીતે ભાંગી પડ્યો છે અને તે ગંભીર બીમારીથી પણ પીડાઈ રહ્યો છે. સંગઠનના ટોચના નેતૃત્વએ તેને જાણીજોઈને બંધ બારણે રાખ્યો છે, કારણ કે તેઓ નથી ઈચ્છતા કે કેડર તેને આવી નબળી હાલતમાં જુએ.

ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)ના અધિકારીના જણાવ્યા અનુસાર, મસૂદ અઝહર હંમેશા તેના ઉગ્ર ભાષણો અને ભારત વિરોધી હુમલાઓના પ્લાનિંગ માટે જાણીતો હતો, જેના કારણે તે કેડરમાં લોકપ્રિય હતો. ઓપરેશન સિંદૂર પહેલાં તે જાહેરમાં દેખાતો હતો અને પોતાના માણસોને મળતો હતો. પરંતુ હવે તે જાહેરમાં દેખાતો નથી કે સંગઠનના સભ્યોને

...અનુસંધાન પાના 5 પર

### તા. ૨૪-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૦° સે. | ૨૫.૬° સે. | ૪૦% |